## સંક્ષિપ્ત સમાચાર

### પાદરાના વડુ ગામે અંબાજી મંદિર અને રામજી મંદિર ખાતે વૃક્ષારોપણ કરાયું



**પાદરા :** પાદરાના વડુ ગામે અંબાજી મંદિર અને રામજી મંદિર ખાતે વૃક્ષા રોપણ કરવામાં આવ્યું જેમાં 21 લીમડા અને 2 પીપળા ના ઝાડ રોપવામાં આવ્યા હતા જેમાં જિલ્લા પંચાયત સદસ્ય અર્જુનસિંહ પઢીયાર, વિપુલ મહંત, નિલેશ પઢીયાર, કમલેશ બારોટ, મનોજ પટેલ, પ્રવીણ પટેલ સહિતના આગેવાન ઉપસ્થિત રહ્યા હતા.

### લોકસભા ચૂંટણીમાં કામગીરી કરી ચૂકેલા કર્મચારીઓ હજુ પણ મહેનતાણાથી વંચિત

**સંખેડા :** છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના કર્મચારીઓને ચૂંટણી પૂરી થઈ શપથ વિધિ પણ લેવામાં આવી અને સાંસદો કામે પણ લાગી ગયા. છતાં પણ આજ દિન સુધી ચૂંટણી અંગેની કામગીરીમાં નિયુક્ત કરેલા કર્મચારીઓ જેમકે માસ્ટર ટ્રેનર ઇવીએમ ની કામગીરી રિસીવ ડિસ્પેચની અને રિઝર્વ સ્ટાફ તેમજ બુથ સિવાય સ્થાનિક કામગીરીમાં રોકાયેલા કર્મચારીઓ ને હજુ પણ મહેનતાણા માટે વલખા મારવાનો વારો આવી રહ્યો છે. અને હજુ પણ કર્મચારીઓને ઓનલાઈન દ્વારા મહેનતાણું મળી જશે તેવી માત્ર વાતો જ કરવામાં આવી રહી છે અને હજુ યાદી અને વિગતો મંગાવી ગોકળ ગાયની ગતિએ કામગીરી કરતા હોય એમ લાગી રહ્યું છે. તો કર્મચારીઓની માંગ છે કે વહેલી તકે ચૂંટણી અંગેની કામગીરીના નાણા ચૂકવાઇ તેવી માંગ ઉઠવા પામી છે.

### મીઠીબોર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી



**છોટાઉદેપુર :** ગુજરાત મિનરલ ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા સી.એસ.આર. ફંડમાંથી મીઠીબોર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે. આ એમ્બ્યુલન્સ કડીપાણી ફ્લોરસ્પાર પ્રોજેક્ટના પ્રતિનિધિઓ દ્વારા જિલ્લા કલેક્ટરશ્રી અનિલ ધામેલીયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી સચિન કુમાર અને જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેનશ્રીને સોંપવામાં આવી હતી. ત્યાર બાદ એમ્બ્યુલન્સને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા કલેક્ટર કચેરી ખાતેથી લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી સી.બી.ચોબીસાએ જણાવ્યું હતું કે, ગુજરાત મિનરલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન દ્વારા મીઠીબોર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સી.એસ.આર. ફંડમાંથી એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે. તેમણે આ એમ્બ્યુલન્સ થકી અંતરિયાળ વિસ્તારના લોકોને વધુ સારી આરોગ્ય સેવા મળી રહેશે તેવી આશા વ્યક્ત કરી હતી.

### પાદરા પોલીસે પેટ્રોલિંગ દરમિયાન કારમાંથી વિદેશી દારૂ ઝડપ્યો, આરોપી ફરાર

**પાદરા :** પાદરાના પોલીસ ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન સફેદ કલરની સ્વીટ ગાડીમાં ભારતીય બનાવટ નો વિદેશી દારૂ ભરી ભાયલી ગામ તરફથી ચાણસદ ગામ બાજુના રોડ ઉપર જનાર છે જે બાતમીના આધારે પોલીસે જરૂરી આડાસ ઉભી કરી રોડ ઉપર મૂકી ગાડી કોર્ડન કરી 20 નંગ બોટલો કિંમત રૂપિયા ૨૦૦૦ ગાડી ની કિંમત ત્રણ લાખ મળી કુલ ત્રણ લાખ ૩,૦૨,૦૦૦/- ના મુદ્દા માલ સાથે રીતેશકુમાર નટવરલાલ શાહ ઉ.૩૯ રહેવાસી મોતીપુરા અંકોડીયા વડોદરા ને પકડી કાર્યવાહી કરી હતી.

### પાદરા તાલુકા મા.શાળા પરિવાર કો.ઓપ. કે.સો.લિ.ની 43મી સામાન્ય સભા યોજાઇ



**પાદરા :** BAPS સ્વામી નારાયણ મંદિરના પટાગણમા પાદરા તાલુકા મા. શાળા પરિવાર કો.ઓપ.ક્રે. સો. લિ. પાદરા ની સામન્ય સભા યોજાઇ. જેમાં મોટી સંખ્યામા સભાસદો ,નિવૃત્ત કર્મચારીઓ, તેજસ્વી તારલાઓ ઉપસ્થિત રહ્યા.સભાના પ્રમુખ તરીકે જગદીશભાઇ નાયી ઉપસ્થિ રહ્યા. નિવ્રુત્તોનુ શાલ ,પ્રમાણપત્ર , મોમેંટો, પુષ્પ ગુચ્છ આપી સન્માન કરવામા આવ્યું. સભાસદોના સંતાનો ધોરણ ૧થી કોલેજ સુધી પ્રથમ ,દ્વીતીય,તૃતીય મેળવનાર વિદ્યાર્થીઓને ઇનામો આપવામા આવ્યા. મંડળીના પ્રમુખ હીરાભાઇ વણકરએ મંડળીનો ચિતાર રજુ કર્યા.

---

**વાઘોડિયાના દંખેડા ગામે પોલીસ અને પબ્લિકનુ સંયુક્ત ઓપરેશન**

# દેવનદીના કોતરોમા ધમધમતી દેશીદારુની ભટ્ઠીઓનો નાશ કરાયો

**પહેલા** ટીંબી અને હવે દંખેડાને નશામુક્ત ગામ બનાવવા કવાયત





(પ્રતિનિધિ) વાઘોડિયા,તા,2

દેશી દારૂના દુષણને નાખવા માટે વાઘોડિયા પોલીસે દંખેડા ગ્રામજનો સાથે રાખી દેશી દારુના ધમધમતા ભઠ્ઠાઓનો સફાયો બોલાવ્યો હતો. દંખેડા ગામમા ચાલતા દારુના દુષણને નાથવા માટે ગામના સરપંચે વાઘોડિયા પોલીસ સાથે બે દિવસ બેઠક કરી દારુની ભઠ્ઠીઓનો નાશ કરવા રણનીતી નક્કી કરીહતી.જે મુજબ આજે વાઘોડિયા પોલીસ સાથે રહિ ગ્રામજનોએ દેવનદિની ઝાડીઓમા છુપાવેલ દારુના વોશનો નાશ કર્યો હતો.ગામમા જવાનજોધ છોકરાઓ દારુના રવાડે ચઢી મોતના મુખમા ધકેલાઈ રહ્યા છે મહિલાઓ ભર જવાનીમા વિધવા બની રહિ છે તેવામા ગ્રામજનોએ પોલીસની મદદથી દેશીદારુના ભઠ્ઠાઓ પર રેડ કરી પ્લાસ્ટીકના 8 જેટલા બેરલો તોડી દારુના વોશને નદિમા વહેવડાવી દિધો હતો. પોલીસને મદદ કરવા જુવાનો સાથે મહિલાઓ પણ દારુના ભઠ્ઠાઓને નાશ કરવા પોલીસ સાથે રહિ નષ્ટ કરવા કામે લાગી હતી.દેવનદિના બિહામણા કોતરોમા મગરના વસવાટ હોય તેવી એકાંતને ભયજનક ઝાડીઓમાંથી દારુના વોશને છુપાવેલો ગામલોકોની મદદથી શોધી કાઢતા પોલીસ પણ ચોંકી ઊઠી હતી. પોલીસે ભઠ્ઠીઓ, દેશીદારુ, દારુનો વોશ શોધી શોધી નાશ કર્યો હતો.આમ પોલીસ અને પબ્લીક સાથે મડી ગામને નશામુક્ત કરવાનુ અભીયાન શરુ કર્યુ છે. જો આ અભીયાન સાર્થક નીવળે તો તવરા ટીંબી પછીનું એક વધુ ગામ નશામુક્ત બને તેમ છે.અને તે માટે જોઈતો સહકાર ગ્રામજનોને પોલીસે આપવાની ખાત્રી પણ આપી હતી.ગ્રામજનોએ પોલીસનો આભાર માન્યો હતો.

---

**50 વર્ષથી આદિવાસી ખેડૂતો કબજો જમાવી બેઠા છે**

## કૂકરદા ગામે 1238 એકર જમીનને શ્રીસરકાર કરવા કલેક્ટરની કવાયત

(પ્રતિનિધિ) નસવાડી,તા,2

છોટાઉદેપુર જિલ્લા ના નસવાડી તાલુકાના ગઢબોરીયાદ ના રાજવીર પરિવારની જમીન નસવાડી તાલુકાના કુકરદા ગામે ડુંગરો ઉપર અને ગામની નજીક જમીન આવેલી હતી તે જમીન 22 જેટલા લોકોને દસ્તાવેજથી વેચવામાં આવી હતી. હાલ આ જમીન શ્રી સરકાર કરવાનો જિલ્લા કલેકટરે હુકમ તો કર્યો છે

પરંતુ આ જમીનો ઉપર આદિવાસી સમાજના લોકો 50 વર્ષથી ખેતી કરે છે હાલ આ તમામ જમીનો ઉપર આદિવાસી લોકો ના મકાનો પણ આવેલા છે ત્યારે 300 જેટલા પરિવાર મકાનો અને ખેતી કરીને ગુજરાન ચલાવે છે ત્યારે આદિવાસી સમાજના લોકો હાલ તો મુશ્કેલીમાં મુકાયો છે કારણ કે તેઓ પાસે બીજી કોઈ જમીન નથી વર્ષોથી કબજો ધરાવતા હોવાથી ખેતી કરીને તેઓનો પરિવારનો ગુજરાન ચલાવતા હતા જિલ્લા કલેકટરે શ્રી સરકાર જમીન કરતા જમીન ના માલિક હવે તંત્ર થઈ જતા તંત્ર આ જમીન ખાલી કરવા માટે મેદાને પડશે ત્યારે આ ખેડૂતો અને તંત્ર વચ્ચે સીધો સંઘર્ષ થશે કારણ કે હાલ મામલતદાર કચેરી ઈધારા કેન્દ્રમાં અને ગ્રામ પંચાયતના રેકોર્ડ ઉપર આ જમીન શ્રી સરકાર કરવા માટે તંત્રએ તૈયારીઓ કરી દીધી છે અને હુકમ કરી દીધા છે.

ત્યારે આ આદિવાસી ઓની જમીનો ખાલી કરાવશે ત્યારે આ પરિવારો ક્યાં જશે? વર્ષોથી મકાન બનાવીને આ જમીન ઉપર રહે છે આદિવાસી લોકો નો કબજો હોવાથી જમીન ખરીદનાર જમીન વેચવા માટે છેલ્લા 15 વર્ષથી પ્રયાસ કરતો હતો પરંતુ જમીન વેચાતી ન હતી ત્યારે શ્રી સરકાર જમીન દાખલ થતા હાલ તો આ પરિવારો અને તંત્ર વચ્ચે સંઘર્ષના મંડાણ થવાની શરૂઆત થઈ ચૂકી છે.

---

**એક આરોપી ફરાર થવામાં સફળ**

## પાદરાના વડુમાંથી LCBએ દેશી પિસ્તોલ, માઉજર સાથે એકને ઝડપ્યો



(પ્રતિનિધિ) પાદરા,તા,2

પાદરાના વડુ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં એસ.ઓ.જી. પોલીસ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન વડુ ગામે બંટીવગામાં રહેતા ફિરોજભાઈ હુસેનભાઈ સિંધા તેના કબજા ભોગવતાના રહેણાક મકાનમાં ગેરકાયદેસર હથિયાર રાખેલ હોવાની બાતમી પોલીસને મળી હતી.

જેની તપાસ કરતા પોતાના મકાન માં પથારી નાખીને સુતેલ તે પથારી ઉપર નીચે કરી જોતા પથારીના આગળના ભાગે ગોદડીની નીચે લાલ કાળા કલરની કાપડની થેલી માંથી બે લોખંડના હથિયાર મળી આવેલ હતા જેમાં એક લોખંડની દેશી હાથ બનાવટ ની રિવોલ્વર તથા એક દેસી હાથ બનાવટની માવજર પિસ્તોલ મળી આવતા પિસ્તોલ કબજામાં રાખવા અંગે હુસેન સિંધા ને પૂછતા કોઈ પાસપરમીટ કે બીલ હોય તે રજૂ કરવા જણાવતા નહીં હોવાનું જણાવ્યું હતું.

પથારી નીચે થી મળી આવેલ પિસ્તોલ નંગ-૨ ની કોની પાસેથી લાવેલ છે અને કોને આપનાર છે જેની પૂછપરછ કરતા હથિયાર ૨૦૧૦ ની સાલ માં ધર્મેન્દ્ર દરબાર ઘોડાગામ, તા.વાલીયા, ભરૂચ પાસેથી ૧૭૦૦૦ માં લીધેલ હોવાનું જણાવ્યું હતુ આ અંગે મળેલ માહિતી મુજબ પોલીસે વધુ કાર્યવાહી કરી હતી.

---

## સાવલીના વાંકાનેર ગામે વીજપોલ પાસે ઉભેલા યુવકનુ કરંટથી મોત

(પ્રતિનિધિ) સાવલી,તા,1

સાવલી તાલુકાના વાંકાનેર ગામની સીમમાં આવેલ રાહી બ્રિક્સ નામનો ઈંટોનો ભઠ્ઠો આવેલ છે જ્યાં મજૂરી કામ કરતા મૂળ યુપીના વિરપલ બરજુલસીહ ઠાકોર રહે હાલ વાંકાનેર તા સાવલી નાઓ રાત્રિના સમયે કુદરતી હાજર લાગતા ઈલેક્ટ્રીક થાંભલા નીચે પેશાબ કરવા માટે ઉભો રહ્યો હતો જ્યાં ચોમાસાની સિઝન હોવાના કારણે ઈલેક્ટ્રીક પોલ થી કરંટ નો ઝાટકો લાગતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો બનાવના પગલે ઈજાગ્રસ્ત વીરપલ ઠાકોરને વડોદરા સયાજી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો જ્યાં ટૂંકી સારવાર બાદ કરૂણ મૃત્યુ નીપજતા ભારે ચકચાર મચી જવા પામી હતી બનાવના પગલે ભાદરવા પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરીને મૃતકના સબ ને પીએમ કરાવીને પરિવારજનોને સોંપવા તજવીજ હાથ ધરી છે.

---

## ડભોઈમાં ઘર નજીક પાર્ક કરેલ રીક્ષા સળગાવનારને ડભોઈ પોલીસે ઝડપ્યો

(પ્રતિનિધિ) ડભોઈ,તા,2

ડભોઈ ખાતે તા.૨૧/૦૬/૨૦૨૪ ના રાત્રીના કલાક ૦૩/૧૫ વાગ્યાની આસપાસ આર્કેટ કોર્નર યોગેશ દુગ્ધાલયની સામે, વિજયાપાર્ક સરીતા બ્રીજ પાસે આવેલ ઘર નજીક મુકેલ સી.એન.જી રીક્ષા નંબર GJ-06-ZZ-1326 ની કોઈ અજાણ્યા ઈસમોએ કોઈ જ્વલનશીલ પ્રવાહી છાંટી રીક્ષાને સળગાવી દઈ ભારે નુકસાન કરી નાસી ગયા હતા. જે બનાવવા સી.સી.ટી.વી માં કેદ થતા બે ઈસમો દ્વારા ઘટના ને અંજામ આપતા જણાઈ આવ્યું હતું. બનાવ ની ફરિયાદ તા.30.06.2024 ડભોઈ પોલીસ સ્ટેશન ખાતે કરવામાં આવતા રીક્ષા સળગાવી ભાગી છૂટેલા બંને ઈસમોને પકડી પાડવા સારૂ અલગ અલગ પોલીસની ટીમો બનાવી ગુનાવાળી જગ્યાની આજુબાજુના સી.સી.ટી.વી. કેમેરામા તપાસ કરતા બે ઈસમો એક મોટરસાઈકલ ઉપર આવી કોઈ જ્વલનશીલ પ્રવાહી વડે રીક્ષા સળગાવી મોટરસાયકલ પર બેસી નાસી જતા જોવા મળ્યા હતા જેથી ડભોઈ ટાઉનના અલગ-અલગ સી.સી.ટી.વી. કેમેરા તથા નેત્રમના સી.સી.ટી.વી. કેમેરાના ફૂટેજ ચેક કરાવતા જેમા એક મોટરસાઈકલ રજી.નં GJ-35- F-9612 ની ઉપર બે ઈસમો બેસી વડોદરા તરફ જતા હોવાનુ જણાઈ આવ્યું હતું.જે રજી નંબર આધારે મોટરસાયકલ ના માલીકની તપાસ કરતા જશુભાઈ લાલાભાઈ વણકર રહે. થાણા સાવલી વણકર ફળીયુ તા.લુણાવાડા જી.મહીસાગરનો હોવાનુ જણાઈ આવેલ. જે મો.સા.માલીકના સરનામે તપાસ કરતા તેઓ તેઓના પરીવાર સાથે અમદાવાદ ખાતે રહેતા હોવાની હકીકત જણાઈ આવી હતી.જેથી તેઓનો સંપર્ક નંબર આધારે મોટરસાઈકલ માલીકની પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે ગઈ તા.૨૧/૦૬/૨૦૨૪ ના રોજ રાત્રીના તેઓનો નાનો છોકરો નામે અજયભાઈ વણકર તથા તેનો મિત્ર મેહુલ વડોદરા ખાતે કામ હોવાનુ જણાવી મોટરસાયકલ લઈ ગયા હતા. જે અંગે બંને ઈસમોને પકડી પાડી તેઓની ધનિષ્ઠ પુછપરછ કરતા તેઓએ રીક્ષા પેટ્રોલ છાંટી સળગાવી દીધેલ હોવાની કબુલાત કરતા (૧) મેહુલકુમાર બાબુભાઈ વણકર ઉ.વ.૨૫ રહે.મકાન નં ૭ ગંગાનગર મહાલક્ષ્મી તળાવની પાસે વટવા અમદાવાદ શહેર મુળ રહે.ગુનેલી (૨) અજયકુમાર જશુભાઈ વણકર, મુળ રહે.થાના સાવલીને ઝડપી ઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

---

**સાફસફાઇના અભાવે સામાન્ય વરસાદે પાણી ભરાઇ જાય છે**

## શિનોર રેલવે ગરનાળા નીચે ઘૂટણસમા પાણી ભરાતાં વાહન વ્યવહાર ખોરવાયો



(પ્રતિનિધિ) શિનોર,તા,2

શિનોર ગામમાં જવાના મુખ્ય પ્રવેશ દ્વાર પાસે શિનોર રેલવે ગરનાળુ આવેલું છે.આ રેલવે ગરનાળુ માર્ગ મકાન વિભાગ હસ્તક આવેલું છે. રેલવે ગળનાળા નીચેથી શિનોર ગામમાં તેમજ સાધલી,માલસર અને માંડવા તરફ જતો માર્ગ પસાર થાય છે.જેના કારણે અનેક વાહનો રોજેરોજ ત્યાંથી પસાર થાય છે.પરંતુ જવાબદાર તંત્ર ના પાપે દર ચોમાસે રેલવે ગરનાળા નીચે વરસાદી પાણી ભરાવવાની સમસ્યા સર્જાય છે. જેનું કારણ પાણી ના નિકાલ માટે બનાવેલ કાન્સ ની યોગ્ય સાફ સફાઈ નો અભાવ છે.સાફ સફાઈ ના અભાવે પાણીનો નિકાલ બંધ થઈ ગયો હોય રેલવે ગરનાળા નીચે દર ચોમાસે વરસાદી પાણી ભરાવવાના કારણે વાહન વ્યવહાર ખોરવાય જાય છે. ત્યારે આ વર્ષે પણ દર ચોમાસા ની જેમ પાણી ભરાવવાની સમસ્યા સર્જાઈ છે. આ વખતે રેલવે ગરનાળા નીચે ઘૂંટણસમાં પાણી ભરાઈ ગયા હોય વાહન વ્યવહાર ખોરવાઈ ગયો છે.આ ઉપરાંત રેલવે ગરનાળા નીચે સળિયા પણ બહાર નીકળી ગયા છે.જેને લઈને વાહન તેમજ ત્યાંથી પસાર થતા લોકોને પણ નુકશાન થવાની શક્યતાઓ રહેલી છે.ત્યારે જવાબદાર તંત્ર સત્વરે પાણી નિકાલ માટે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિક રહીશોમાં માંગ ઉઠવા પામી છે.

---

### સંખેડાની ભાગોળે બે આખલા યુદ્ધે ચડ્યા : રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોમાં ભય




**સંખેડા :** સંખેડા ગામની ભાગોળે ચોકડી પર બે આખલા વચ્ચે યુદ્ધ શરૂ થયું હતું. બે આખલા જાહેર માર્ગ ઉપર ચાર રસ્તા ઉપર અચાનક જ યુદ્ધ કરવા માંડતા આસપાસના સૌ કોઈમાં ભયની લાગણી ફેલાઈ હતી. વાહનચાલકો પણ પરેશાન થઈ ગયા હતા. સંખેડા ગામની ભાગોળ એ સતત વાહન વ્યવહાર અને લોકોની અવરજવર વાળો માર્ગ છે. 10:30 વાગ્યાના સમયે અહીં આગળ બે આખલા યુદ્ધ ચડ્યા હતા. બે આખલા યુદ્ધ ચડતા જ સ્કૂલે જતા બાળકો દુકાનદારો તથા આસપાસના લોકોમાં ભયની લાગણી ફેલાઈ હતી.

---

**10 વર્ષ પહેલા રોડ બનાવાયો હતો ત્યારબાદ તંત્રએ આ તરફ નજર જ નથી કરી**

## નસવાડીના ઘટાસા ગામ થી છઠી આમલી ગામ સુધીનો માર્ગ બિસ્માર, વાહનચાલકો પરેશાન



(પ્રતિનિધિ) નસવાડી,તા,2

નસવાડી તાલુકાના ઘટાસા ગામથી છઠીઆમલી ગામ વચ્ચે ચાર કિલોમીટર નું અંતર છે જયારે 10 વર્ષ પહેલા આ રસ્તો નવો બન્યો હતો અને ત્યાર બાદ પંચાયત માર્ગ મકાન વિભાગે નવો રસ્તો બનાવવા માટે કોઈ કામગીરી ના કરતા રસ્તા માં ખાડા પડી ગયા છે ચોમાસા ની સીઝન હોવાથી ખાડાઓમાં પાણી ભરાઈ છે અને વાહન ચાલાક ને ખાડો કેટલો ઊંડો છે તેનો ખ્યાલ આવતો નથી જયારે વાહન ચાલક ખાડા માં પટકાઈ ત્યારે સ્ટેરીંગ ઉપર નો કાબુ ગુમાવી દે છે અને કેટલાક મોટરસાયકલ ચાલકો ને ઈજા પણ થઈ છે જયારે સરકાર ના નિયમ અનુસાર જે રસ્તા ઉપર ખાડા પડી ગયા હોઈ તે રસ્તા ને ખાડા પૂરવા માટે કોન્ટ્રાક્ટરો ના વાર્ષિક ભાવ નક્કી કરવામાં આવેલા હોઈ છે તેઓ પાસે રસ્તા ના ખાડા તાત્કાલિક એસ્ટીમેન્ટ બનાવી ને પુરી શકાય તેમ છે

પરંતુ 20 ગામોના લોકો હેરાન પરેશાન થતા હોવા છતાંય પંચાયત માર્ગ મકાન વિભાગ ના અધિકારીઓ આ ખાડા પુરાવતા ના હોવાથી ચોમાસા માં આ રોડ ઉપર પસાર થવું વાહન ચાલકો ને ભારે હાલાકી ભોગવવી પડશે જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી આ રસ્તા ની મુલાકાત લે તે જરૂરી બન્યું છે સરકાર પણ આ રસ્તા ની મંજૂરી નવો બનાવવા માટે આપે તો લોકો ને રાહત થાય તેમ છે હાલ તો લોકો તકલીફ ભોગવી રહ્યા છે.

---

## નસવાડી તાલુકાના 26 ગામોને પાણી પુરુ પાડતી પોચમ્બા યોજનાની કામગીરી ખોરંભે

(પ્રતિનિધિ) નસવાડી,તા,2

નસવાડી તાલુકામાં પાણી પુરવઠા યોજનામાં 26 ગામોને પોચમ્બા પાણીપુરવઠા વિભાગનું ફિલ્ટરવાળું શુદ્ધ પાણી મળે તે માટે સરકાર દ્વારા 73 કરોડના ખર્ચે યોજના મંજુર કરવાંમાં આવી. જેમાં પાણીપુરવઠા વિભાગે પાઈપ લાઈન નાખવાની કામગીરી માટે કરોડો રૂપિયાની પાઈપો ખરીદી કરી પરંતુ પાઈપ લાઈન નાખવાની કામગીરી ધીમી ગતિએ ચાલતા પાઈપો ના ઢગલા પડી રહ્યા જયારે સમયસર પાઈપ લાઈન નાખવાની કામગીરી ના થતા હવે આઠ માસ સુધી પાઈપ લાઈન નાખવાની કામગીરી ખોરંભે પડશે કારણ કે ખેતરોમાં વાવણી થઈ જતા ખેડૂતો ખેતરમાં પાઈપ લાઈન નાખવા ની કામગીરી કરવા દેતા નથી. જયારે ચોમાસાનો વરસાદ પણ પડી ગયો છે ચોમાસાના સમયમાં ચાર માસ પાઈપ લાઈન નાખવાની કામગીરી થશે નહિ જયારે ચોમાસા બાદ ખેતરોમાં ઉભો પાક હશે તો ખેડૂતો ખેતરમાં પાઈપ લાઈન નાખવાની કામગીરી કરવા દેશે નહિ અને આખી સીઝન ખેતીની પુરી થતા આઠ માસનો સમય લાગી જશે તેવુ ગામલોકો જણાવી રહ્યા છે.